**ફોજદારી કેસ નંબર ૨૫૬/૨૦૧૮**

**નામદાર ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ ફોજદારી પરચુરણ અરજી નં. ૧૬૬૨/૨૦૧૬ના કામમાં તા. ૨૭.૦૨.૨૩ ના રોજ થયેલ હુકમની અમલવારી બાબતે આંક ૧ નીચે હુકમ**

---

ફરીયાદી પ્રવિણભાઇ કનૈયાલાલ પટેલ નાઓએ આપેલ ફરીયાદના આધારે આગથળા પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૩૬/૨૦૧૫ થી ગુનો રજીસ્ટર કરેલ. ત્યારબાદ પોલીસ તપાસના અંતે આરોપીઓ (૧) ધરતીબેન સુશાન્તભાઇ પટેલ તથા (૨) અમરતલાલ પુનમાજી પઢીયાર વિરુદ્ધ ઇ.પી.કો કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૩, ૪૬૪, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૦,૪૭૧ મુજબના ગુનાનુ ચાર્જશીટ દાખલ થયેલ. જે ફોજદારી કેસ નં. ૨૫૬/૨૦૧૮ થી રજીસ્ટરે લેવામાં આવેલ.

ત્યારબાદ આ કામના આરોપી નં. (૨) અમરતલાલ પુનમાજી પઢીયારનાઓ નામ. ગુજરાત હાઇકોર્ટે, અમદાવાદ ખાતે ફોજદારી પરચુરણ અરજી (ફોર ક્વોશીંગ એન્ડ સેટ અસાઇડ એફ.આઇ.આર./ઓર્ડર) નંબર ૧૬૬૨/૨૦૧૬ થી દાખલ કરેલ. નામ. ગુજરાત હાઇકોર્ટે તા., ૨૭.૦૨.૨૦૨૩ ના રોજ હુકમ કરી તેમની અરજી મંજુર કરી, આ અરજીના અરજદાર સામેનો ફોજદારી કેસ નંબર ૨૫૬/૨૦૧૮, આગથળા પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૩૬/૨૦૧૫ ની એફ.આઇ.આર. રદ કરેલ હોય, જેથી આ કામના આરોપી નં. (૨) અમરતલાલ પુનમાજી પઢીયાર વિરુદ્ધની એફ.આઇ.આર. રદ ગણી, આરોપી સામેનો ફોજદારી કેસ નંબર ૨૫૬/૨૦૧૮ ની ઇન્સાફી કાર્યવાહી બંધ કરી ઉપરોકત આરોપીને બીનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. જયારે અન્ય આરોપી નં. (૧) ધરતીબેન સુશાન્તભાઇ પટેલ વિરુદધનો કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૭.૦૭.૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ. લાખણી,
તા. ૧૭.૦૭.૨૦૨૩

(ડી.જે.ગોસ્વામી)
જ્યુડી. મેજી. ફ.ક
લાખણી,
જીજે ૦૦૮૩૫